આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૨૮-૦૮-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી પટેલ સાથે વરસાદ અંગે ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર વાત કરીને રાજ્યમાં વરસાદની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં રાહત-બચાવ કામગીરીની ઝીણવટભરી વિગતો મેળવી હતી.નાગરિકોના જાનમાલ તેમજ પશુધનના રક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગ અને મદદની ખાતરી આપી હતી.

(અશરફ નથવાણી)

--------------------------------------------------------------------

# પ્રધાનમંત્રી-જનધન યોજના

**પ્રધાનમંત્રી જન ધન યોજના -PMJDY વિશ્વની સૌથી મોટી નાણાકીય સર્વસમાવેશી યોજના બની છે, તે અંગે નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, PMJDYના ખાતાઓ માર્ચ 2015માં 15 કરોડ 67 લાખથી વધીને 14મી ઓગસ્ટ સુધીમાં 53 કરોડ 14 લાખ થયા હતા. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, નાણાકીય સમાવેશિતા અને સશક્તિકરણ હાંસલ કરવા માટે ઔપચારિક નાણાકીય સેવાઓ સાર્વત્રિક અને સુગમ બનાવવી જરૂરી છે. આનાથી ગરીબો આર્થિક મુખ્યધારામાં આવે છે અને તે વંચિત સમુદાયોનાં વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ યોજનાને 10 વર્ષ પુરા થયા છે.**

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------

RNU BHUJ

## મિનિ વાવાઝોડુ-કચ્છ ભણી

કચ્છમાં છેલ્લા બે દિવસથી મધ્યમથી ભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે બંગાળની ખાડીમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન એટલે કે, મિની વાવાઝોડું કચ્છના દરિયાકાંઠા ભણી આગળ ધપી રહ્યું છે. આ ડીપ ડિપ્રેશન ભુજથી **50** કિલોમીટર દૂર કેન્દ્રિત છે જે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. મિનિ વાવાઝોડાંની અસર તળે ગુરુવાર સુધી ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ હવામાન વિભાગે જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત પર ત્રણ સિસ્ટમ સક્રિય છે જેનાથી સૌરાષ્ટ્ર કચ્છમાં આગામી **48**થી **72** કલાક ભારે વરસાદની સંભાવના છે. જયારે વરસાદની ચેતવણીના પગલે માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે.

(પરેશ મારૂ)

---------------------------------------------------------------------------

## રાજ્ય મોસમનો વરસાદ

ગુજરાતમાં સાર્વત્રીક વરસાદના પગલે સવારે **6** કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ **100** ટકાને પાર કરીને **105** ટકા સુધી પહોંચ્યો છે. આ વર્ષે કચ્છ ઝોનમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ **125** ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં **116** ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં **109** ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં **102** ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી **84** ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

(પરેશ મારૂ)

---------------------------------------------------------------------------

RNU BHUJ

## જિલ્લામાં યુવા મહોત્સવ રદ

આગામી 30 ઓગષ્ટે-2024ના રોજ યોજાનાર ભુજ તાલુકા યુવા મહોત્સવ હાલ ભારે વરસાદની આગાહીને કારણે રદ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં તે ક્યારે યોજાશે તેની નવી તારીખો પછીથી જાહેર કરવામાં આવશે.

**(NP/ આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------

## જિલ્લામાં ડેમોમાં નવા નીર

કચ્છમાં છેલ્લા ચાર દિવસથી અનરાધર વરસાદથી જિલ્લાના તળાવો, ડેમોમાં નવા નીરની આવક થઇ છે. આજે સવારે ૮ વાગ્યાના અહેવાલ મુજબ જિલ્લામાં મધ્યમ સિંચાઈના 20 પૈકીના 11 ડેમ છલકાઈ ચુક્યા છે, નખત્રાણા તાલુકાનો આ મહત્વનો મથલ ડેમ પણ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. સાર્વત્રિક વરસાદ છતાં જિલ્લામાં મધ્યમ સિંચાઈના મોટા એવા રૂદ્રમાતા ડેમમાં 35.84 ટકા તો કાસવતી ડેમમાં માત્ર 23.41 ટકા જેટલું પાણી સંગ્રહિત છે. લખપતના સાન્ધ્રોમાં 23 અને રાપરના સુવઇ ડેમમાં 28 ટકા જેટલો પાણીનો જથ્થો સંગ્રહિત થયેલો છે. ટપ્પરમાં 61, નરામાં 49, ગોંધાતડમાં 82, ફતેહગઢમાં 62 ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.

**(પરેશ મારૂ)**

---------------------------------------------------------------------

## વરસાદ

જિલ્લામાં સવાર થી સાંજ સુધીમાં ધીમો અને ઝાપટા સ્વરૂપે વરસાદ વરસી રહ્યો છે. અબડાસા તાલુકાના કોઠારા અને તેની બાજુના ભેદી ગામના સમાચાર મિત્ર કલ્યાણજી જાડેજાના જણાવ્યા અનુસાર હાલ પણ વરસાદી ઝાપટા આવી રહ્યા છે, અને નાના જળાશયો ઓગની ગયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખામાં નોંધાયેલ આંકડા અનુસાર સાંજે 4 થ 6 દરમ્યાન લખપત 11 મિલીમીટર, ભુજ 2

મિલીમીટર, નખત્રાણા 4, માંડવી અને મુન્દ્રા 1-1 મિલીમીટર વરસાદ નોંધાયો છે, જયારે અન્ય તાલુકામાં 4 થી 6 દરમ્યાન વરસાદ નોંધાયો નથી.

**(ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા/આરતી ભટ્ટ/સમાચાર મિત્ર )**

---------------------------------------------------------------------------

RNU BHUJ